# અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસ દ્વારા ઠેર ઠેર રસ્તા રોકી ચક્કાજામ કરાયો

## ટાયરો સળગાવી, લાકડાની આડાશો કરી રોડ બંધ કરાયા : વાહનચાલકો અટવાયા : ૧૫૦ થી વધુ કોંગ્રેસીઓની જિલ્લા પોલીસે અટકાયત કરી : ખેડૂતોના દેવા માફ કરો અથવા ઉગ્ર આંદોલન માટે સરકાર સજ્જ રહે

અરવલ્લી, તા. ૧૬ મધ્યપ્રદેશમાં ૧૦ જેટલા ખેડૂતોની આત્મહત્યા અને ભાજપ સરકારની કિસાન વિરોધી નીતિ અને ગુજરાતના ખેડૂતોનુ દેવુ માફ કરવાની અને રાહત પેકેજ આપવાની માંગ સાથે આજે કોંગ્રેસ દ્વારા રસ્તા રોકો આંદોલન સમગ્ર રાજ્યમાં કરવામાં આવ્યું હતું. આ રાજ્યવ્યાપી આંદોલનમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ત્રણ વિધાનસભા બેઠક મત વિસ્તારમાં ધારાસભ્યોની આગેવાનીમાં ઠેર ઠેર રસ્તા રોકી રોડ પર ટાયરો સળગાવી ચક્કાજામ કરવામાં આવ્યો હતો. રસ્તા રોકો આંદોલનથી કોંગ્રેસના કાર્યકરોના ઉત્સાહમાં પ્રાણ ફુંકાયો હોય તેમ મોટી સંખ્યામાં કાર્યકરો રોડ પર ઉતરી આવ્યા હતા.

અરવલ્લી જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો મોડાસા, ધનસુરા, બાયડ-માલપુર અને ભિલોડા-મેઘરજ વિસ્તારમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ધારાસભ્યો દ્વારા ઠેર ઠેર મુખ્યમાર્ગો પર ટાયર સળગાવી લાકડાની આડાશો મુકી રસ્તા પર ચક્કાજામ કરવામાં આવ્યો હતો. જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેન્દ્રસીંહ રહેવર અને જયદત્તસીંહ પુવારની આગેવાની હેઠળ મોડાસા-હિંમતનગર માર્ગ પર ટાયરો સળગાવી ચક્કાજામ કરાયો હતો. મોડાસા-શામળાજી માર્ગ પર મોડાસાના ધારાસભ્ય સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરોએ ચક્કાજામ કર્યો હતો. અરવલ્લી જિલ્લા પંચાયતના સદસ્યો રેવાભાઈ ભાંભી દ્વારા મરઠીયા નજીક અને ભિલોડાના ધારાસભ્ય અનિલ જોષીયારા દ્વારા શામળાજી-અંબાજી હાઈવે પર પથ્થરો મુકી ચક્કાજામ કરાયો હતો. બાયડમાં જિલ્લા પંચાયત સદસ્ય માનવેન્દ્રસીંહ સોલંકી અને બાયડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ દ્વારા બાયડ ખાતે ચક્કાજામ કરાતા ત્રણ કીલોમીટર જેટલો ટ્રાફિકજામ થયો હતો. મોડાસા-ધનસુરા ધોરીમાર્ગ પર બાયપાસ-કોલીખડ નજીક હિંમતસીંહ પરમારની આગેવાની હેઠળ રોડ પર ટાયરો સળગાવી લાકડા અને પથ્થરોની આડાશો ગોઠવી ચક્કાજામ કરાયો હતો. અરવલ્લી જિલ્લામાં મેઘરજ, ધનસુરા માલપુર સહિત ઠેર ઠેર કોંગ્રેસી કાર્યકરો રોડ પર ઉતરી આવ્યા હતા અને ચક્કાજામ કરી કિસાન વિરોધી સરકાર ભાજપા દ્વારા ખેડૂતોને થતા અન્યાય કરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરી ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા ભાજપ શાસિત રાજ્યોમાં ખેડૂતોની દેવા માફી અને રાહત પેકેજ જાહેર કરવામાં આવતા ગુજરાતમાં પણ ભાજપની સરકાર છે તો ગુજરાત ખેડૂતોને કેમ અન્યાય કરવામાં આવે છે. ગુજરાતના ખેડૂતોનુ પણ તાત્કાલીક દેવુ માફ કરી અને રાહત પેકેજ અને પોષણક્ષમ ભાવની માંગ કરી હતી. અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા ૧૫૦થી વધુ કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોની અટકાયત કરી ચક્કાજામ દૂર કરવા કવાયત હાથ ધરી હતી. બપોર પછી જિલ્લાના તમામ માર્ગો ખુલ્લા રહેતા જિલ્લાના પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

### અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા જિલ્લામાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ

કોંગ્રેસ દ્વારા અપાયેલા રસ્તા રોકો આંદોલન લઈને જિલ્લામાં પોલીસતંત્ર દ્વારા સઘન પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. જિલ્લામાં ચક્કાજામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં કોંગ્રેસના રસ્તારોકો આંદોલનમાં ચક્કાજામ દૂર કરવા અને વાહન વ્યવહાર પૂર્વરત કરવા સતત જિલ્લાના માર્ગો પર પોલીસ કાફલા સાથે સાયરનના અવાજ સાથે અવર-જવર કરતા નજરે ચડતા હતા. અરવલ્લી જિલ્લા પોલીસતંત્રએ ૧૫૦થી વધુ કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.





### અરવલ્લી જિલ્લામાં એસ.ટી. વિભાગ દ્વારા બપોર સુધી તમામ લોકલ રૂટ બંધ રખાયા

મોડાસા એસ.ટી. ડેપાના સુત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ દ્વારા અપાયેલા ચક્કાજામના એલાનના પગલે તકેદારીના રૂપે જિલ્લાના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોના રૂટ બંધ રખાયા હતા અને ગામડાઓમાં રાત્રી રોકાણ થયેલી તમામ બસોની સુરક્ષાના મુદ્દે પરત બોલાવી લેવાઈ હતી. એક્સપ્રેસ રૂટની બસ ચાલુ રહી હતી તદઉપરાંત મોડાસા-અમદાવાદ અને મોડાસા-હિંમતનગરના લોકલ રૂટ ચાલુ રખાયા હતા. એસટી તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારના રૂટ બંધ કરાતા બસસ્ટેન્ડમાં મુસાફરોનો ભરાવો થયો હતો. એસટી સેવા બંધ રહેતા ગામડાના લોકો તોબા પોકારી ઉઠ્યા હતા.



### ભિલોડામાં કોંગ્રેસ દ્વારા ટ્રાફીક ચક્કાજામ

ભિલોડામાં કોંગ્રેસ હોદેદારો, કાર્યકરો ધ્વારા માર્ગો ઉપર પથ્થરો મુકી ટ્રાફીક ચક્કાજામ કરાયો હતો. ભિલોડા કોંગ્રેસ સમિતી હોદેદારો, કાર્યકરોના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ધ્વારા ખેડુતોને હળહળતો અન્યાય અને ગુજરાતના ખેડુતોને દેવું માફ નહી કરવા સંદર્ભે રસ્તા રોકો આંદોલન બાબતે ભિલોડા-શામળાજી હાઈ-વે ઉપર ભેટાલી ગામ પાસે વહેલી સવારે ટ્રાફીક ચક્કાજામ કરાયો હતો. ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડાં.અનિલભાઈ જોષીયારા, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ કુંદનબેન વી.ડામોર, ઉપપ્રમુખ તુલસીભાઈ કે.પાંડોર, કારોબારી અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, જીલ્લા પંચાયત સદસ્ય મંજુલાબેન પાંડોર, ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવત, અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતી મંત્રી ધાર્મિકભાઈ ચૌધરી, કંદર્પભાઈ પટેલ, નિકુંજભાઈ પરમાર, ફઝલભાઈ મેમણ, સતિષભાઈ પટેલ, ભરતભાઈ પાંડોર સહિત કોંગ્રેસના હોદેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના હોદેદારો, કાર્યકરો ધ્વારા ટ્રાફીક ચક્કાજામ દરમ્યાન હાય રે ભાજપ હાય... ભાજપ તેરી તાનાશાહી નહી ચલેગી નહી ચલેગી...ના ગગનભેદી સુત્રોચ્ચારો કોંગ્રેસીઓએ પોકાર્યા હતા.

### ધાનેરામાં કોંગ્રેસના રસ્તા રોકો કાર્યક્રમમાં પાંખી હાજરી

કોંગ્રેસ દ્વારા અપાયેલા રસ્તા રોકો આંદોલનમાં પાંખી હાજરીથી કોંગ્રેસના કાર્યકર્તાઓમાં હતાશા છવાઈ જવા પામી છે. આજરોજ ઓલ ગુજરાત રાજ્યમાં કોંગ્રેસ દ્વારા ખેડૂતોના દેવા માફી મામલે રસ્તા રોકો આંદોલન કરવામાં આવેલ જેના અનુસંધાને ધનસુરા ખાતે પણ કોંગ્રેસ દ્વારા રસ્તા રોકો આંદોલન કરવામાં આવેલ. જેના અનુસંધાને ધનસુરા ખાતે પણ કોંગ્રેસ દ્વારા રસ્તા રોકો આંદોલન કરવામાં આવેલ. જેમાં ખૂબજ પાંખી હાજરી જોવા મળેલ હતી. આજુબાજુના ગામોમાંથી કોંગ્રેસ આગેવાનો જ માત્ર આવેલા હોઈ કાર્યકરો નજરે પડ્યા ન હતા. ધનસુરાના સ્થાનીક કોંગ્રેસીઓ પણ ક્યાંય નજરે પડતા ન હતા. જેથી કોંગ્રેસ દ્વારા



અપાયેલા રસ્તા રોકો આંદોલનનો જાણે ફિયાસ્કો થયેલ જણાતો હતો. આ આગેવાનો દ્વારા ગાડીના ટાયર સળગાવી ભાજપ સરકાર સામે નારા લગાવી વિરોધ દર્શાવ્યો હતો. જ્યાં પોલીસે આવી કોંગ્રેસના આગેવાનો તાલુકા પંચાયત સદસ્ય જયદીપસિંગ, મનહર ઠાકોર, ઉસુબભાઈ, ભીખુસિંગ, પંકજભાઈ પટેલ, મહેન્દ્રભાઈ (દાદા), કનુભાઈ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મેહુલ પટેલ વગેરેની અટકાયત કરી પોલીસવાનમાં લઈ જઈ લોકઅપમાં પુરી દીધા હતા.



### કાંકરેજના થરામાં કોંગ્રેસ દ્વારા રસ્તા રોકો આંદોલન

કોંગ્રેસ દ્વારા આજરોજ કાંકરેજ તાલુકાના થરા નજીક ગોપાલ પેટ્રોલ પંપ નજીક હાઈવે પર સવારે કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિ તેમજ થરા શહેર કોંગ્રેસ દ્વારા ખેડૂતોના દેવા માફી સહિતના વિવિધ પ્રશ્નોને આવરી લઈ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દિનેશભાઈ ઠક્કર, કાંકરેજ કોંગ્રેસના પ્રભારી રમણજી ઠાકોર, હેમુભાઈ જોષી, મહામંત્રી જોગાજી ઠાકોર, થરા શહેર પ્રમુખ અલ્પેશ શાહ, ભૂપતજી ઠાકોર, નીતાબેન ઠાકોર, પુરણસિંહ વાઘેલા, સુરેશ ખટાણા સહિતના કાર્યકરો અને પાર્ટીના હોદેદારોની હાજરીમાં નેશનલ હાઈવે પર ટાયર સળગાવી રસ્તો બંધ કરી ઉગ્ર દેખાવો કરી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા રસ્તો ખુલ્લો કરવા તેમજ આંદોલન રોકવા બંદોબસ્ત ગોઠવી ૩૨ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. જેમને થરા પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવેલ હતા.

### પ્રાંતિજમાં કોંગ્રેસ સમિતિ દ્વારા રસ્તા રોકો આંદોલન કરતાં પોલીસ દ્વારા અટકાયત

પ્રાંતિજ તા.૧૬ સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે કોંગ્રેસ કાર્યકરો દ્વારા પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે રસ્તા રોકો આંદોલન કરવાં જતાં પ્રાંતિજ પોલિસે ધારાસભ્ય સહિત ૫૫



કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ની અટકાયત કરી .

રાજય સહિત દેશ ભરના ખેડૂતોને પાક ના પોષણશ્રમ ભાવો ન મળતાં ખેડૂતો પાયમાલ થઈ રહ્યાં છે અને મોંઘવારી નો માર પ્રજા ને પડી રહ્યો છે ત્યારે કોંગ્રેસ દ્વારા પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા ઉપર પ્રાંતિજ- તલોદ ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સહિત તાલુકા પ્રમુખ , શહેર પ્રમુખ, જીલ્લા સદસ્ય સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ભેગાં થઈને સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરી રસ્તા રોકો આંદોલન કરવા જતાં પ્રાંતિજ પી.આઈ ટીબી.રાઠોડ તેમણી ટીમ દ્વારા પ્રાંતિજ- તલોદ ના કોંગ્રેસ ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા તથા કોંગ્રેસ કાર્યકરો આગેવાનો સહિત ૫૫ ની અટકાયત કરી હતી જયારે સવારથીજ પ્રાંતિજ સહિત તાલુકા માં કોઈ અનિશ્ચિત બનાવ ના બને તે માટે પ્રાંતિજ પોલિસ દ્વારા મજરાચોકડી નનાપુર ચોકડી ત્રણ રસ્તા સહિત ના વિસ્તારોમાં પોલિસ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને નેશનલ હાઈવે સહિત ના વિસ્તારોમાં પોલિસ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.





### કોંગ્રેસ દ્વારા ખેડૂતોને બટાકાના ભાવ માટે તેમજ દેવા માફી માટે રસ્તા રોકો આંદોલન

ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી ખેડૂતો ના બટેકાના નીચા ભાવ તેમજ દેવા માફી મુદ્દો ચર્ચામાં છે ત્યારે આજરોજ કોંગ્રસના કાર્યકર્તાઓ દ્વારા દાંતીવાડા તાલુકામાં આવેલ બનાસ નદીના પુલ પર કોંગ્રસના કાર્યકર્તાઓ તેમજ ખેડૂતો દ્વારા બટેકા નાખી ટાયર સળગાવી ભાજપ વિરુદ્ધ નારાઓ લગાવી વાહનો રોકાવી હાઈવે ચકકાધામ કરી વિરોધ પ્રદર્શન કરેલ ત્યારે દાંતીવાડા પીએસઆઈ વી.એ.શાહ તેમજ પોલીસ કાફલો ત્યાં દોડી આવી રસ્તો ખુલ્લો કરાવી અંદાજિત ૩૧ કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી આ કાર્યક્રમમાં દાંતીવાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નટવરસિંહ વાઘેલા , એનએસયુઆઇ પ્રદેશ નેતા કરમશી રબારી , નાંદોત્રા બ્રાહ્મણવાસ સરપંચ અશોકભાઈ ભોજાણી ,એનએસયુઆઇ ધાનેરા વિધાનસભા પ્રમુખ અનિલભાઈ રબારી , નયનભાઈ, રાણાભાઇ રબારી તેમજ એનએસયુઆઇ ના કાર્યકર્તાઓ કોંગ્રેસના કાર્યકર્તાઓ અને તાલુકાના ખેડૂતો ઉપસ્થિત રહેલ.

### મેઘરજમાં કોંગી કાર્યકરોએ ઠેર ઠેર રસ્તા રોકો આંદોલન કરી વિરોધ

મેઘરજ, તા. ૧૬ ગુજરાત સહિત સમગ્ર દેશમાં વર્તમાન સરકાર દ્વારા ખેડૂતોનુ શોષણ કરવામાં આવતુ હોવાના આક્ષેપ સાથે ખેડૂતોના હિતમાં આજે સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર જિલ્લા તેમજ તાલુકા મથકે કોંગ્રેસ પક્ષ દ્વારા રસ્તા રોકો આંદોલન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અરવલ્લી જિલ્લાના મેઘરજના બેડજ પાટિયા પાસે તેમજ વાત્રક પુલ ઉપર કોંગ્રેસના કાર્યકર્તાઓએ માર્ગ વચ્ચે પથ્થરો મુકી ટાયરો સળગાવી રોડ ઉપર ચક્કાજામ કરી સરકાર વિરૂદ્ધ વિરોધ દર્શાવ્યો હતો તેમજ મધ્યપ્રદેશમાં ખેડૂતો પર દમનના વિરોધમાં તેમજ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તેવી માંગ સાથે કોંગી કાર્યકરો રોડ પર બેસી જઈ ચક્કાજામ કર્યો હતો અને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસના રસ્તારોકો આંદોલન અને સરકાર વિરોધી સૂત્રોચ્ચારના પગલે મેઘરજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો.



### કાંકરેજના કંબોઈ ગામે દલિત વિધવાના મકાનમાં શોર્ટ સર્કીટથી આગ લાગતા ૧ લાખ ૯૦ હજારનું નુકશાન

કાંકરેજ, તા. ૧૬ પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના કંબોઈ ગામે દલીત પરીવાર રાત્રે ૨ થી ૨.૩૦ વાગે ઘરના ધાબા ઉપર મીઠી નિંદર માણી રહ્યુ હતુ ત્યારે ઘરમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નિકળતા આજુબાજુના લોકો એકઠા થઈ ગયા હતા અને બુમાબુમ કરી ઘરનો દરવાજો તોડીને પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. પરંતુ ઉંઘ વેરણ બની અને ઘરવખરી રોકડ અનાજ કપડા સહિતની ચીજવસ્તુઓ જેમાં ગત તા. ૨૦-૫ ના રોજ તેમના ઘેર લગ્ન હતા તેનો તમામ સામાન મળી રૂ. ૧,૯૦,૦૦૦નુ નુકશાની થતાં વિધવા સવિતાબેન શિવાભાઈના માથે આફ ફાટી નિકળ્યુ છે. જો કે આ સવિતાબેનને બે પુત્રો છે જેમાં કરણ મોટો અને હસમુખ નાનો છે. મજુરી કરી ગુજરાન ચલાવનાર એક વિધવાના માથે આભ ફાટ્યુ તેની મદદ માટે તાલુકા વિકાસ અધિકારી એચ.એસ. હરાણી, કે.એન. પટેલ, બી.એન. રાવલ, પંચાયત સર્કલ ઈન્સ્પેક્ટર અને તલાટી કમ મંત્રી વિક્રમસિંહ વાઘેલા તથા કંબોઈ સરપંચ કાનજી દિલુજી સોલંકીએ વિધવા ઔરતને ન્યાય અપાવવા તાલુકા પંચાયતમાં પંચનામુ કરી જિલ્લામાં જાણ કરી હતી. જો કે આ ઘટના બનતા સવિતાબેનના સગા-સંબંધીઓ તાલુકા પંચાયત કાંકરેજ દોડી આવ્યા હતા. અને ઝડપી ન્યાય મળે તેવી માંગ કરી હતી.





### મહેસાણા જિલ્લાના ૧૨૯૦ કેન્દ્રો પર વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

મહેસાણા જિલ્લામાં ૨૧ જુન ૨૦૧૭ને બુધવારના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. મહેસાણા જિલ્લાના ૧૨૯૦ કેન્દ્રો પર યોગ દિવસની ઉજવણી થનાર છે. જેમાં જિલ્લા કક્ષાના ૫ કેન્દ્રો, તાલુકા કક્ષાના ૨૦ કેન્દ્રો, નગરપાલિકા કક્ષાના ૧૪ કેન્દ્રો, ૩ હેરીટેઝ સ્થળો, ૧૨૧૩ શૈક્ષણિક સંસ્થાઓ અને ૩૫ કોલજ અને સહભાગી સંસ્થાઓ મળી કુલ ૧૨૯૦ કેન્દ્રો પર યોગ દિવસની ઉજવણી થનાર છે.

### ખેડબ્રહ્મામાં એસબીઆઈના ખાતામાંથી ૪૯૫૪૮ હજાર રકમ ઉપડી ગઈ

ખેડબ્રહ્માની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં સવારના સમયમાં જ ગઠીયા ઓનલાઈન રૂપીયા ઉપાડી ગયા. મહેન્દ્રકુમાર કે. દિક્ષિત શિક્ષક તરીકે નોકરી કરતા હતા અને ઘણા સમયથી નિવૃત્તિ જીવન ગાળી રહ્યા છે. તેમના પેન્શન માટે એસબીઆઈમાં એકાઉન્ટ ખોલાવેલ હતુ. તેમનું પેન્શન જમા થતુ હતુ. મહેન્દ્રભાઈ દિક્ષિતના જણાવ્યા અનુસાર તેમની પાસે એટીએમ કાર્ડ હતુ જે બગડી ગયેલ અને તેનો ઉપયોગ થઈ શકતો ન હોવાથી એટીએમ વાપરતા ન હતા. શુક્રવારે ૧૧ વાગે તેમના મોબાઈલ ફોન આવેલ કે તમારૂ એટીએમ ચાલુ કરાવવા માટે તમારા કાર્ડનો ૧૬ આંકનો નંબર આપો તેથી તેમને લાગેલ કે બેંકમાં રજુઆત કરેલ છે તેથી એટીએમ ચાલુ કરવા નંબર માગે છે. તેથી તેમને એટીએમ નંબર આપી દીધેલ. બપોરે કામ અર્થે બેંકમાં ગયા હતા અને પાસબુક ભરાવી હતી. ત્યારે તેમને જાણ થઈ હતી કે ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા છે. તેથી તેમણે બેંકમાં તપાસ કરાવતા મુંબઈમાં (૧) ૧૪૯૮૮૯.૮૧ (૨) ૧૯૯૮૦ ઉપાડી લેવાયેલ (૩) ૯૯૯૯ (૪) ૪૫૮૦ એરટેલ મનીથી ઉપાડી લેવામાં આવ્યા હતા.